# તારીખ ૧૭મી ઓકટો. ૨૦૧૩નાં રોજ બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૧૭મી ઓકટો. ૨૦૧૩નાં બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એકિઝકયુટીવ કાઉન્સિલની બેઠક માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અઘ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અઘ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર સાથે આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી ટી.આર.હાથી —અઘ્યક્ષશ્રી<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી,<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. —સભ્યશ્રી<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | ગેર હાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. —સભ્યશ્રી<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. —સભ્યશ્રી<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. —સભ્યશ્રી<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ—કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ —કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી જી.એ.બક્ષી. — સેક્રેટરી<br>( કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

**૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

ગત તારીખ ૧૪મી ઓકટો. ૨૦૧૩ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધ વાંચનની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧ :</u> ગત તારીખ ૧૪મી ઓકટો. ૨૦૧૩ના રોજની સભાની મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.**

પાના નંબર : ૨ : પર ચાલુ..

Krantiguru Shyamji Krishnavarma Kutch University
Bhuj - Kutch
370001

૨. **રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગને લખવાના થતાં પ્રત્યુતર બાબત :**

તા. ૧૩/૯/૧૩નાં રોજ થયેલ અનુસૂચિત જાતિના રાષ્ટ્રીય આયોગની રીવ્યુ મિટિંગ બાદ રજૂ થયેલ મુદાઓનાં પ્રત્યુતર માટે કાયદાકીય સલાહ સાથે જવાબ મોકલવા માટે થયેલ ચર્ચાના અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અયોગ દ્વારા થયેલ રજૂઆતોનો પ્રત્યુતર માટે કાયદાકીય સલાહ લઈ,યોગ્ય ઉત્તર પાઠવવા માટે માનનીય કાર્યકારી કુલપતિશ્રીને અધિકાર આપવામાં આવે છે આયોગ પાસેથી આ પ્રત્યુતરનો લેખિત જવાબ મંગાવવાની જાણ પણ આયોગને કરવામાં આવે.આ જવાબના પત્ર સાથે અગાઉ તા. ૧૩/૯/૧૩ના થયેલ કાર્યાલય આદેશનો અમલ કરવો.**

૩. **અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

(૧) તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ આદીપૂર તેમજ અન્ય કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફથી કુલસચિવ તેમજ દરેક એક્ઝિક્યૂટીવ કાઉન્સિલનાં સભ્યશ્રીઓને લખેલા પત્ર પ્રમાણે, કોલેજ વિકાસ ફંડ અર્થે તેમજ વિદ્યાર્થીના એન્રોલમેન્ટ સંબંધી, ડીજીટલાઈઝેશન અને પરીક્ષા કાર્ય સંબંધી કાર્ય માટે કોલેજોને આર્થિક હિસ્સો મળે તે માટે વિનંતી કરવામાં આવેલ.આ અંગે ચર્ચાના અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, કોલેજના વિકાસ અર્થે તેમજ વિદ્યાર્થીના અભ્યાસ સંબંધી યુનિવર્સિટી સાથે કરવાનાં થતાં કાર્યો માઠે કચ્છ યુનિવર્સિટી સંલગ્ન દરેક કોલેજ, વિદ્યાર્થી દીઠ, કોલેજ વિકાસ માટે રૂા. ૫૦/–, ડિજીટલાઈઝેશન માટે રૂા. ૨૫/– અને પરીક્ષા ફોર્મનાં રૂા. ૨૫/– અલગથી લઈ શકશે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

---